અપીલ અરજી નં.૩૭૪ તા.૩–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૦–૧–૧૧ની અરજીથી પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ ૩૧ની ઝોનીંગ અને યુઝ પ્રોવિઝનની જોગવાઈ ના યુઝ ઝોન ટેબલ ક્રમાંક ૧,૨,૩ નિયમ મુજબ રહેઠાણ ઝોનમાં પાવર (મોતી પાવર)થી ચાલતી મશીનરીઓ નાખી જે કારખાનાઓ ચાલુ કરેલ છે તે બાબતે કારખાનાવાળાઓ પર કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.પા. કમિશ્નરની આવે છે કે નહિં તે બાબતે અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૩–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૪/૨૦૧૦–૧૧.

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૦–૧–૧૧ની અરજીથી પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ ૩૧ની ઝોનીંગ અને યુઝ પ્રોવિઝનની જોગવાઈ ના યુઝ ઝોન ટેબલ ક્રમાંક ૧,૨,૩ નિયમ મુજબ રહેઠાણ ઝોનમાં પાવર (મોતીપાવર) થી ચાલતી મશીનરીઓ નાખી જે કારખાનાઓ ચાલુ કરેલ છે તે બાબતે કારખાનાવાળાઓ પર કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.પા. કમિશ્નરની આવે છે કે નહિં તે બાબતે અભિપ્રાય આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૬૦૪ તા.૮/૨/૧૧ થી આપવામાં આવેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તેમજ કારખાનાના કિસ્સામાં સ્થાનિક સત્તામંડળને જોગવાઈ હેઠળ કોઈ કાર્યવાહી કરવાની થાય છે કે કેમ? તે અંગે હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૮ તા.૧૦–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીમાં જણાવેલ બાબતે હકીકતલક્ષી માહિતી જોઈએ છે કે જાહેર માહિતી અધિકારીનો અભિપ્રાય તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૭ તા.૨૮–૩–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, યુઝઝોન ટેબલના પત્રકની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૦૪ તા.૮–૨–૧૧ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને તા.૧૪–૩–૧૧ નો રજૂઆત પત્ર મળેલ છે જેમાં અરજદારે માહિતી જોઈએ છે કે અભિપ્રાય જોઈએ છે તે સ્પષ્ટતા કરતાં અભિપ્રાય આપવાનું જણાવેલ છે.

અરજદારની તા.૧૦–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૦૪ તા.૮/૨/૧૧ થી " આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ અનુસાર માહિતી આપવાની હોય છે કોઈ પણ જાતનો અભિપ્રાય આપવાનો હોતો નથી." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના આધાર તરીકે મુદ્દા નં.(૧) મે જે માહિતી માંગેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે તેમજ માહિતી છુપાવવામાં આવેલ છે એટલે અપીલ કરવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.(૨) આરટીઆઈ એકટ–૦૫ ની જોગવાઈઓના ભંગ સબબ કાનુની હુકમ કરશો અને નિયમ અનુસાર માહિતી આપશો. અપીલના મુદ્દા નં.(૩) માહિતી અધિકાર–૦૫ ના એકટ નં.૨૨ મંજુરીની તા.૧૫–૬–૦૫ ના પ્રકરણ–૧ પ્રાથમિક કલમ–૨ વ્યાખ્યાઓની (એફ) માં અભિપ્રાય આપવાની જોગવાઈ હોવા છતાં માહિતી અધિકારીએ અભિપ્રાય આપવામાં આવેલ નથી. (૪) સુમપાના રહેઠાણવાળા વિસ્તારમાં યુઝ ઝોન ટેબલ ક્રમાંક–૧–૨–૩ નિયમ મુજબ કોઈ પણ નાગરીક પાવરથી ચાલતી મશીનરીઓ નાંખી કારખાના ચાલુ કરે તો તે કારખાના વાળાઓ ઉપર મ્યુનીસીપલ બાયોલોઝ હેઠળ કાર્યવાહી કરવાની જવાબદારી સુમપાના કમિશ્નરનીજ આવે તેમ છતાં ખોટી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે તેવી જવાબદારી કમિશ્નરની આવે તેવું જણાવી ખોટી માહિતી હોવાનો દાવો કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. અપીલના મુદ્દા નં.(૫) સુમપાના ગુમાસ્તા વિભાગ કારખાનાવાળા વ્યવસાયવેરો પણ ભરે છે એટલે સુમપા પાસે આ રેકર્ડ હોવા છતાં રેકોર્ડ નથી તેવી માહિતી આપી માહિતી છુપાવવામાં આવેલ છે. આમ અરજદારે મુદ્દા નં.૫ માં મુળ અરજીથી અલાયદી વ્યવસાયવેરા અને ગુમાસ્તાને લગતી રજૂઆત કરેલ છે. વધુમાં અપીલના મુદ્દા બાબતે અપીલ તબકકે માહિતી જોઈએ છે કે અભિપ્રાય તે અંગે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે અભિપ્રાય આપવાની રજૂઆત કરેલ છે.જેમાં અરજદારે વિકાસના નિયમો પૈકી નિયમ–૩૧ ની ઝોનીંગ અને યુઝ પ્રોવિઝનની યુઝ ટેબલ–૧,૨,૩ મુજબ રહેઠાણમાં પાવરથી ચાલતાં કારખાનાઓની કાર્યવાહી કરવાની

જવાબદારી કમિશ્નરની આવે કે નહીં તેનો અભિપ્રાય માંગેલ છે અને પૂરક વિગતોમાં પણ અરજદારે સદર બાબતે જાહેર માહિતી અધિકારી પાસે અભિપ્રાય માંગેલ છે. અપીલના આધારમાં પણ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) મુજબ અભિપ્રાય ની જોગવાઈ હોવા છતાં અભિપ્રાય આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતીમાં ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે અભિપ્રાય કે કારણો આપવાના રહેતા નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ઉપર નોંધ વિભાગ કે અન્ય કોઈ વિગતે રીમાર્કસ/શેરા કે અભિપ્રાય આપેલ હોય તો તેવો રેકર્ડ પૂરો પાડવાનો હોય છે પરંતુ કાયદાની જોગવાઈ અંગે અભિપ્રાયો આપવાના રહેતા નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ સ્થાનિક સત્તા મંડળના કાયદા હેઠળ કાર્યવાહી અંગેની કોઈ જોગવાઈ હોય તો તે અરજદારને સંદર્ભ સહ જણાવવી રહે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે માંગવા છતાં તે અપીલ તબકકે રજૂ થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર નોંધ વિભાગ કે અન્ય કોઈ વિગતે રીમાર્કસ/શેરા કે અભિપ્રાય આપેલ હોય તો તેવો રેકર્ડ પૂરો પાડવાનો હોય છે પરંતુ તે બાબતે કાયદાની જોગવાઈ અંગે અભિપ્રાયો આપવાના રહેતા નથી જે આરટીઆઈના કાયદા સાથે સુસંગત છે. તેમ છતાં અત્રેના સ્થાનિક સત્તા મંડળને સ્પર્શતા કાયદા કે નિયમો અનુસાર આ અંગે જે પણ જોગવાઈ હોય તે સંદર્ભ સહ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે સૂચિત કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,